# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે ખેડૂત તાલીમ કેન્દ્ર, અમદાવાદ દ્વારા ચાર દિવસીય પ્રાયોજીત તાલીમ કાર્યક્રમ

ખેડૂત તાલીમ કેન્દ્ર, અમદાવાદ દ્વારા પ્રાયોજીત તાલીમ કાર્યક્રમનું આયોજન તા.૧૧-૧૪ જુલાઇ ૨૦૧૬ દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કરવામાં આવેલ. જેમાં ધોળકા તાલુકાના ૩૦ ખેડૂતોએ ભાગ લીધેલ. તાલીમ દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના જુદા જુદા વિષય નિષ્ણાંતો દ્વારા ખેતી વિષયક માહિતી આપવામાં આવેલી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. જે. કે. પટેલ (પ્રોગ્રામ કો ઓર્ડીનેટર) દ્વારા વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓનું અદ્યતન ખેતીમાં મહત્વ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલ. તારીખ ૧૧ જુલાઇ ૨૦૧૬ ના રોજ શ્રી દેવાણંદ ગોજીયા (વૈજ્ઞાનિક, કૃષિ ઇજનેર, કે.વી.કે, અરણેજ) દ્વારા કૃષિ યાંત્રિકીકરણ અને તેની ઉપયોગીતા તથા ટપક સિંચાઇ પદ્ધતિ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તારીખ ૧૨ જુલાઇ ૨૦૧૬ ના રોજ શ્રી જી. ડી. પટેલ (વૈજ્ઞાનિક, કીટક શાસ્ત્ર, કે.વી.કે., અરણેજ) દ્વારા વિવિધ પાકોમાં સંકલિત જીવાત નિયંત્રણ અંગેનું જ્ઞાન આપવામાં આવેલ, ડૉ. ચેતન દેસાઇ (વૈજ્ઞાનિક, એગ્રોનોમી, કે.વી.કે, અરણેજ) દ્વારા રાસાયણીક ખાતરોની આડ અસર અને સેન્દ્રીય ખેતી તેમજ વિવિધ પાકોમાં નિંદણ નિયંત્રણ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલ અને ડૉ. પિનાકીન પટેલ (વૈજ્ઞાનિક, બાગાયત, કે.વી.કે, અરણેજ) દ્વારા બાગાયત પાકોની ખેતી પદ્ધતિ વિશે સમજ આપવામાં આવેલ. તારીખ ૧૩ જુલાઇ ૨૦૧૬ ના રોજ ડૉ. જીગર પટેલ (વૈજ્ઞાનિક, પશુ વિજ્ઞાન, કે.વી.કે, અરણેજ) દ્વારા દુધાળા પશુઓની ઓળખ અને તેની માવજત વિશે માહિતી આપવામાં આવેલ, ડૉ. ગાયત્રી જાડેજા (વૈજ્ઞાનિક, ગૃહ વિજ્ઞાન, કે.વી.કે, અરણેજ) દ્વારા સ્વાસ્થ્ય અને મુલ્યવર્ધન વિશે વિશેષ જ્ઞાન આપવામાં આવેલ. તારીખ ૧૪ જુલાઇ ૨૦૧૬ ના રોજ ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રો તથા એજયુકેશન મ્યુઝીયમ તેમજ અમુલ ડેરીની મુલાકાત કરાવવામાં આવેલ.








કેન્દ્રિય તાલીમ કાર્યક્રમ

